## –:: સી.આર.પી.સી. કલમ–૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ–૩૩(૧) હેઠળનું જાહેરનામુ ::–

નં.જે/એમએજી/દિવાળી/જા.નામુ/૪૮/૨૦૧૮

જીલ્લા મેજીસ્ટ્રેટ કચેરી,
રાજકોટ.
તા.૨૭/૧૦/૨૦૨૧

**જાહેરનામું:–**

નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન નંબર ૭૨૮/૨૦૧૫ના કામે તા.૨૩/૧૦/૨૦૧૮, તા.૩૦/૧૦/૨૦૧૮ તથા તા.૩૧/૧૦/૨૦૧૮ના રોજ દિવાળીનાં તહેવાર તથા અન્ય તહેવારો નિમિતે જાહેર જનતાને ભયજનક/હાનિકારક પર્યાવરણ તથા ઘ્વની પ્રદુષણની વિપરીત અસરથી રક્ષણ આપવા માટે ફટાકડાના ઉત્પાદન, વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે દિશાનિર્દેશો કરેલ છે. તેના અમલીકરણ માટે તથા દિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ના બને અને જાહેર જનતાની સલામતી માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે સમગ્ર રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં ફટાકડાના ખરીદ, વેંચાણ તથા ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

જેથી હું, **કે.બી.ઠકકર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જીલ્લા, રાજકોટ,** ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ)ની કલમ–૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૩૩(૧) હેઠળ મળેલ સતા હેઠળ રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં આગ, અકસ્માતના બનાવો ના બને અને જાહેર સલામતી માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે નીચે મુજબનાં કૃત્યોનું ચુસ્તપણે પાલન કરવા માટે ફરમાવુ છું.

**–: કૃત્યો :–**

૧) નામ.સુપ્રિમકોર્ટની ગાઈડલાઈન મુજબ દિવાળીના અને અન્ય તહેવારો દરમ્યાન ફટાકડા ફોડવાના સમય દરમ્યાન જ ફટાકડા ફોડી શકાશે.

૨) રાત્રીનાં ૨૨:૦૦ થી સવારના ૦૬:૦૦ વાગ્યા સુધી ફટાકડા ફોડી શકાશે નહી.

૩) સીરીઝમાં જોડાયેલા ફટાકડા(ફટાકડાની લુમ) (Series Cracker or Laris) થી મોટા પ્રમાણમાં હવા, અવાજ અને ઘન કચરાની સમસ્યા થતી હોવાથી તે રાખી શકાશે નહી, ફોડી શકાશે નહિ કે વેંચાણ કરી શકાશે નહી.

૪) હાનિકારક ઘ્વની પ્રદુષણ રોકવા માટે માત્ર Petroleum and Explosives Safety Organisation (PESO) દ્વારા અધિકૃત બનાવટ વાળા અને માન્ય ધ્વનિ સ્તર (DECIBEL LEVEL) વાળા જ ફટાકડા વેચી/વાપરી શકાશે.

૫) કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહી, રાખી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહી.

૬) ઈ–કોમર્સ વેબસાઈટ ફલીપકાર્ટ, એમેઝોન સહીતની કોઈ પણ ઈ–કોમર્સ વેબસાઈટ ફટાકડાના વેચાણ માટે ઓનલાઈન ઓર્ડર લઈ શકાશે નહી. ઓનલાઈન વેચાણ કરી શકાશે નહી.

૭) નેશનલ હાઈવે–૮(બી) પર આવેલ શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તાર તથા મેટોડા જી.આઈ.ડી.સી. વિસ્તારની ૫૦૦ મીટરની હદમાં તથા જવલનશીલ પદાર્થના સંગ્રહના સ્થળથી ૧૦૦ મીટરની હદમાં દારૂખાનુ કે ફટાકડા ફોડવા નહી.

૮) કોઈપણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુકકલ/આતશબાજી બલુન) નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહી તેમજ કોઈપણ સ્થળે ઉડાડી શકાશે નહી.

૯) જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર દારૂખાનુ, ફટાકડા, બોમ્બ, રોકેટ, હવાઈ તથા અન્ય ફટાકડા કે જેનો સમાવેશ દારૂખાનામાં થતો હોય તેવા ફટાકડા કે આતશબાજી ફોડવા/સળગાવવા કે કોઈ વ્યકિત ઉપર ફેંકવા નહી.

૧૦) હોસ્પિટલ, નર્સીંગ હોમ, આરોગ્ય કેન્દ્ર, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોના ૧૦૦ મીટરના ત્રીજયાના વિસ્તારને સાયલન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યાં કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી.

**–: વિસ્તાર :–**

આ જાહેરનામું પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેર, રાજકોટની હકુમત સિવાયનો સમગ્ર રાજકોટ ગ્રામ્ય જિલ્લાનાં વિસ્તારમાં લાગુ પડશે.

**–:: શિક્ષા ::–**

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતના ફોજદારી અધિનિયમ સને–૧૮૬૦ની કલમ ૧૮૮ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**–:: સમયગાળો ::–**

આ જાહેરનામું આજ **તા.૨૭/૧૦/૨૦૨૧ થી તા.૨૪/૧૧/૨૦૨૧** સુધી અમલમાં રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ ધ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટના નોટીસ બોર્ડ પર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી તેમજ સરકારી ગેઝેટમાં પ્રકાશીત કરાવી પ્રસિધ્ધી કરવામાં આવશે.

આજ તારીખ :–૨૭ માહેઃ–ઓકટોબર–૨૦૨૧નાં રોજ મારી સહી તથા કચેરીનો સિકકો લગાડી હુકમ બહાર પાડયો.

(કે.બી.ઠકકર)
**અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,**
**રાજકોટ જીલ્લા,રાજકોટ.**

**નકલ જયભારત સાથ રવાના :**

૧. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. પોલીસ મહા નિર્દેશકશ્રી અને પોલીસ મહા નિરિક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
૩. અધિક પોલીસ મહા નિર્દેશકશ્રી, (ઈન્ટે.), ગુજરાત રાજય, ગાંધીનગર.
૪. ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, રાજકોટ રેન્જ, રાજકોટ.
૫. પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર, રાજકોટ.
૬.પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટ.(૧૦ નકલ)
(આ હુકમની જાહેરાત જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડી પ્રસિધ્ધિ આપવા અને તેમ કર્યાના પંચનામા આપના રેકર્ડ પર રાખવા સારુ.)
૭. નિયામકશ્રી, માહિતિ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.
૮. જીલ્લા સરકારી વકીલશ્રી, રાજકોટ.
૯. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
(ગુજરાત રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની ૫ નકલો મોકલવાની વિનંતી સાથે.)
૧૦. રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
૧૧. નામ.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ.
૧૨. નામ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, ફર્સ્ટ કલાસ, ગોંડલ / જેતપુર / ધોરાજી / ઉપલેટા / જસદણ / પડધરી/કોટડા સાંગાણી/જામ કંડોરણા.
૧૩. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ શહેર–૧/રાજકોટ શહેર–૨/ રાજકોટ ગ્રામ્ય / જસદણ / ગોંડલ / ધોરાજી
૧૪. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ગોંડલ / જેતપુર.
૧૫. મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ પુર્વ / રાજકોટ પશ્ચિમ / રાજકોટ દક્ષિણ / રાજકોટ તાલુકા / જસદણ / વીછીયા / લોધીકા / કોટડાસાંગાણી / ગોંડલ / જેતપુર / ધોરાજી / ઉપલેટા / જામકંડોરણા / પડધરી.
૧૬. પોલીસ ઈન્સ્પેકટરશ્રી .....................(તમામ) (પોલીસ અધિક્ષકશ્રી ,રાજકોટ ગ્રામ્ય મારફત) પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરી તેના પંચરોજકામની નકલ આપના રેકર્ડ પર રાખવા સારૂ.
૧૭. સંયુકત માહિતિ નિયામકશ્રી, રાજકોટ.
....સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં વિનામુલ્યે પ્રસિધ્ધ કરવા સારૂ.
૧૮.રજીસ્ટ્રારશ્રી,સૌરાષ્ટ્ર યુનીવર્સીટી,યુનીવર્સીટી રોડ,રાજકોટ.
૧૯.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,આલ્ફ્રેડ હાઈસ્કુલ,રાજકોટ.
૨૦.જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,જિલ્લા પંચાયત,રાજકોટ.
૨૧.શાસનાધિકારીશ્રી,રાજકોટ મહાનગર પાલીકા શિક્ષણ સમિતી,કરણપરા ચોક,રાજકોટ.
૨૨.શાખાધ્યક્ષશ્રી, રજીસ્ટ્રી શાખા, કચેરીમાં ઉકત જાહેરનામાના ગેઝેટની નકલ કચેરીમાં મળ્યે તાત્કાલીક જયુડીશીયલ શાખામાં પહોંચતી કરવા સારૂ.